ડ૪૮૧

ચંદ્ર-કાન્તા નાટકનાં

ગાયનો.

વાંકાનેર "આર્ય હિતવર્ધક" નાટક કંપનીને માટે

રચીને પ્રસિદ્ધ કરનાર.

રાવલ ત્ર્યંબકલાલ દેવશંકર

તથા

ત્રવાડી ત્ર્યંબકલાલ રામચંદ્ર.

વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના મેનેજર

આવૃત્તિ ૧ લી નકલ ૨૦૦૦

અમદાવાદ

ત્રિભુવન હોસ્પિતાલ સામે પાનાભાઈની વાડીના મેડા ઉપર વિશ્વેશ્વર પ્રેસમાં ઈશ્વરદાસ જેકીશનદાસે છાપ્યાં.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૫

કિંમત બે આના.

૬૧૭૧

श्री परमात्मने नमः

ચંદ્ર–કાન્તા નાટકનાં ગાયનો.

(૧)

મંગલ પ્રથમ નામ પ્રીતે, પરબ્રહ્મ સ્તવન કીજે;
ટરિ વાણિના વિરાગ, સ્થાન ધ્યાનમાં ધરીજે.
પૃથ્વી પાણી અગ્ની તેજ, વાયુ પંચ તત્વ એજ;
સ્વેચ્છાએ સૃષ્ટી સરજાવી, આપ ભિન્ન રૂપ ધારી.
મિમાંસકો વિચારે કર્મ, વદેછે વેદાંતી બ્રહ્મ;
ન્યાયી કર્તા શૈવો શીવ, જાણી દેવ કરે સેવ.
એવોજે ત્રૈલોકયનાથ, વંદુ તેને જોડી હાથ;
માગું પાપ માફ પ્રભુ, અર્જ આ સ્વિકારી લીજે.

(૨)

આ ગ્રીષ્મ સમય રસિક હૃદય, અતિ સુખદ થતો;
સુમંદ ગંધ પૂષ્પ તણો, વાયુ સીંચતો. ટેક.
કિંચિત ચુંબીત શિરિષ પૂષ્પ મધુકરો વડે;
અણીદાર નાજુક રેષા તેના, મન હરણ ખરે.
એહ પૂષ્પાભૂષણ પ્રેમદા, તેનીજ કરણમાં ધરે;
નિરખી પ્રેમ ફુદથી ત્યાં, ફરી તે જતો.

(૩)

અજબ ખેલ આજે કરવાને, પ્રાણ પ્રિયા મમ સત્વર થાને;
ચાલ ઉરે મમ ઉમંગ છાયો, રાયસિંહ દરબાર ભરાયો.

(૪)

સમજ સમજ સમજ વગર શો કેર આચરો;
જુલમ જુલમ જુલમ, અપાર સઘ પરહરો.
સાર વાર પ્યારથી, પ્રજા તણી કરો.
બાલ ઉપર ફાળ ક્રોધની નહીં ભરો.
આ રાજ સુખ પ્યારૂં, તે ક્ષણ નહીં રહેનારૂં;
મિથ્યા ગર્વ તે તણો શું ઉરમાં ધરો.

(૫)

દીમ દીમ દીમ દીમ તનનન તદરે દાની;
નાદર દર દર તુમ દર દર દર દીમ તનોમ તનનન
દીમ તદીમ તદીમ તદીમ તનનનન;
તક્ ક્રીડાનૂધા તીરકટ ધીનકટ ધા તયોમતનનન
ગીધી ગીનધા ગીધી ગીનધા ગીધી ગીન.

(૬)

ચુપ ચુપ લવારી ન કરો, મુજ સનમુખ આવી;
જુલમ શું કરશે, એ રૈયત બિચારી.
હારો હાર રૈયતમાં, કરતા તમો પોકાર;
નિમકહરામી જાગ્યો, કરવા લાચારી.
નહો વચન મુખેથી, જરા દયા દીલ લાવી;
વિધી વિપરીત થતાં, કુબુદ્ધિ શું આવી.

થાય થાય જુલમ અપાર, નહીં જોયો જાય;
જરૂર જણાય અવદશા આવી આવી.

(૭)

ધમર સમજ વાણી, રાવણે ઉર આણી;
કનક મય પુરી લંકા, થૈ ગઇ ધૂલધાણી.
નવલ મદ ભરેલી, નારીમાં બુદ્ધિ નાણી;
નહિં નહિં, નહિં,લપટા, અન્ય રામા પ્રમાણી.

(૮)

કાણુ મારે ઘરે છે કોને કહું નાત જાતમાં.
અલ્યા આવો જુલમ બહુ બરાવે છે દમ.
કરો ટાકરડી ટમ, ખાઓ કડકડતા સમ;
કામ કરો એકદમ. સંપો માજનની જાત
નહીં તો થાશે કરા ઘાત કેમ કરવું નિરાત,
મારો પૈસાને લાત. લડો રાજા સંગાત.
દેહા બેશી આચાર, મળી કરો વિચાર;
થાય જુલમ અપાર, જાશે સૌનાં ઘરબાર.
નહીં રહે લગાર, લાજ કોની આચાર. કાણુ.

(૯)

ઠારો ઠાર છે આચાર, રાજા મૂરખના સરદાર;
પરનારી પર જુલમ અપાર, કરતાં નેઉ હારોહાર.
જે અઘટિત આચાર, તેજ કરે આચાર;
સારા—સાર જે વિચાર, કરે ન લગાર.

(૧૦)

આમ રોતાં મૂકી શું જાઓ, માતુ દયા ન આવી તમને;
મુકયાં ભર દરિયા મોઝાર, રઝળતાં કીધાં અમને.
સુખ તણો સાગર સુકાયો, દુઃખના દેખાય દ્વાર;
અણસમજુને આંધળા કીધા, કોણ લેશે સંભાળ.
ગોદ બેસાડી કોણ બોલાવે, કોણ લડાવે લાડ;
કોને ભળાવી માતા ચાલી, દુઃખે વાળ્યો દાટ.
સુનાં સહુ સુખ આ રાજ કેરાં, સુનાં થયાં ઘરબાર;
સુનો થયો સંસાર અમારો, કીધાં નિરાધાર.

(૧૧)

જાશેરે આમ આબરૂ આ પલમાં;
નાત જાતમાં નામ ગુમાશે, લાજ રહે કેમ આ જગમાં.
આવી પડી શીર આજ અમારે, દુર દશા શીદ આ પલમાં.

(૧૨)

ધીરજ ધારી ચિંતા વિસારી, પણ સુખ મને
નવ થાય; બળે લાય હાય. ધીરજ૦
નવી માતુ બહુ રાખે ઝેર અતિ કેર વેર;
પિતા બન્યો નવીનો ગુલામ, ગઇ સાન ભાન.

(૧૩)

વાહ વાઃ વાઃ આજ થાશે, બારે દહેર ચાલો ઘેર, અહાહાહાહા,
પાટયા શું થાશે, આ કૃત્યોથી, કર્મો બુલાશે, અકળાશે;
મુંઝાશે પસ્તાશે— વાહ વાઃ વાઃ
વારી જાઉં વાલાબાઇ, તમારી શી ચતુરાઇ;
બધા દેહમાં ફેલાઇ, રોકી ન રોકાશે.

ઓ રાધા, તું પ્યારી, છો નારી, છોગાળી,
રૂપાળી. વાલાજી હું તારાપર વારી.

(૧૪)

મનહર મુર્ત્તિ આ અવનીમાં, શાંન્તી ધરી વિધાયે સરજી;
મલે નહીં મહા મેહેનત કરતાં, ફરતાં મહીમાં ઘર ઘરજી.
નમુના દાખલ નૌતમ પુતળી, વિધીના કરથી છટકી પડી;
રાયસિંહ દરબાર દીપાવા, કર્મ સંજોગે આવી ચડી.
લજ્જા પામે દાડમ કલીયો, દાંત થકી દિન દિન પ્રત્યે;
રાગા રૂપ મહીં લપટાયા, રાજા રાયસિંહ પ્રીતે.
સબર સબર સૈયર સૌ માગી, સ્વાગી મેહેલ ભણી આવી.
કામ તણો અવતાર પધાર્યા, કરૂણા મુજ ઉપર લાવી.
સૈાાસન સંભાળ ત્વરાથી; આજ્ઞા ધરી શીર જાણું છું.
ઝટ ઝટ વેલી ઝટ ઝટ જાતું, જલદી જલદી આવું છું.

(૧૫)

સૈયા સુધારૂં છું, ઝારી મૂકાવું છું;
પાણી ભરાવું છું, પાળું રખાવું છું.
પંખાને લાવું છું. ગજરા ગુંથાવું છું;
પુષ્પો ચુંટાવું છું, પલંગપર રખાવું છું.
વારૂ બા આ ચાલી. (૨)

(૧૬)

પ્યારી હૃદય મુજ વાસ કર્યો તેં;
થતો અતિ પરિતાપ હર્યો તેં;
ઉલટ વિચાસે ધર ચિત્ત ચોરી,

પ્રાણ પ્યારી મમ જીવન દોરી.
પ્રિય તુજ વિણ ચિત્ત ચાહે ન કોને. પ્યારી.

(૧૭)

હું હમણાં આવું છું,
ઉલટ વિચારો પરહર પ્રિતે;
પ્રિય મનહર મુજ તન મન ધન. હું.
નાથ ન છોડો શીદ તરછોડો,
ચપલા ચિત્ત હરનારી,
મોત વિનાં મરવું મુંઝાઇ. ચુપ. ચુપ. ચુપ.
બસ, બસ, બસ, બસ. હું.

(૧૮)

અંતરમાં એ ઠસી,
પ્રિય મનહર છબી ઉરમાં વસી. ટેક.
ચંદ્ર વિનાં શોભે નહીં તારા,
મમ તમ ગુણ મળતાં પ્રિય પ્યારા.
વાર વાર મુખ જોઉં હસી. અંતરમાં.
શંકા નહીં લેશ ધરો, અધરનું પાન કરો;
ખુશીથી ચુમ્બન કરો, હૃદય હસી. અંતર.

(૧૯)

ધિઃકાર તને છે ક્રૂર પાપી નીચ નાર;
કામાતૂર થઇ નથી લાજતી લગાર. ધીકાર;
દુરાચારનો વેપાર કરવા થઇ તૈયાર;
ચુપ અવિચારી હવે થઇ હદપાર.

તનમાં, મનમાં જોઈલું નેનમાં.
વાસ કરી રહ્યો છે વ્યભિચાર.
કામાંધ તું આચાર, ધરા કેમ સહે ભાર;
આજ કેમ ત્રુટી પડતો નથી આવાર.
નીચ મનમાંહી લાજ તું લગાર. ધીઃકાર

(૨૦)

નીકલ તું પાપી દુષ્ટ અહીંથી, કાળાં કૃત્ય કરનાર;
જોતાં તુજને ઝાળ ઉઠેછે, મુજ અંગે આ વાર.
ગરદન મરદન કરવા તારૂં, છે તલવાર તૈયાર;
જાણી બાળ અટકે કાળ, કુંદનપુર ઝટ છોડી જા
બસ કર નહીં વાર લગાર.

(૨૧)

હાય બાઇરે આ શો કાળો કેર;
અરેરે, અરે હાય બાઇરે. આશો૦
મા મરતાં સુઃખ ગયું, બાપુ ગયા બદલાઇ;
કપટ જાળ કેવી રચી, નવીએ કરી નવાઇ.
હદવાળી તેં પાપીણી તારા, લાલ બળે ઉરમાં અતિ મારા. આશો.
કહીં ધરની લગાર, ચિંતા નથી કરનાર;
પોતાની નથી આ વાર, પ્રીતિ તણી દરકાર.
પણ સહુ મરમ શરમ, કુલ તણી અરે;
થાવા બેઠી જેર. બાઇરે૦

(૨૨)

દુઃખવામેં કાસે કહુ મોરી સજની. સજની૦
તલફ તલફ નીકસ જાત, જીયા પીયા બીના નાંહી;

એક ઘડી પલ છીન. દુઃખવામે૦
ના જાનુ પીયા કોન દેશ બાલમ રહે પ્રેમદા, છીન સો તન એરી.
સખીરી સગરી રેન બીતી તારે ગીન ગીન. દુઃખવામે૦

(૨૩)

દામ ગયું દરબાર થકી, દશ વીસ પચીશ મલ્યા મહીપાજી;
મૂરખ મંત્રી ન માલ મળે, વ્યસની જન નીચની સંગત ઝાઝી;
જુલ્મ કરે પરનારી પરે, લઇ લાજ કુછંદી થતા બહુ રાજી;
રાજ સ્વતંત્ર સમાજ હતો, પરતંત્ર થતાં બગડી સહુ બાજી.

(૨૪)

રે હું ગગન જોઇ ગભરાયો,
દેખુછું અહીં તહીં અંધકાર દ્વાર;
ચપળા ચમકી રહી દ્વાર દ્વાર.
વાર વાર વાણી વડે મયુરો કરે પુકાર ટેક.
મન મુંઝાય ઘન જોઈ ઘટા.
ખરરર ખરરરર બુંદ પડે છે બારી;
તનને ભીંજાવે નાંખે હૃદય વિદારી વારી. ગગન.

(૨૫)

સનનનનનન સોર કરતી, છાઇ વર્ષા ક્ષિતિ મહીં;
થરરરરરરર ઉર થરકે, નિરખી ચપળા નભ મહીં.
સરિત સર સુંદર ભરી જલ, કુંભ ધરી શિર આવતી;
વાટ ઘાટ મળી સમુહો, રામા મુખ મલકાવતી. સ.
કોયલાવતી કંથ ચરચા, નાથ ઘર નથી આ સમે;
વિરહો વાદલ ઉલટયાં, દામિની કુજને દમે. સ.

(૨૬)

સહચર શરદ પુનમની રાત બહુ રળીઆમણી;
હોરાજ વ્હેલા આવજો મહારાજ.

વાલમ વસીયા જઈને વિદેશ નવ મુજને ગણી હોરાજ.
સમતા મમતા મેલી નાથ, નમેરા શું થયા હોરાજ–
અંતર વ્હેંચી આમ શું, કપટ કરો કાં આમ;
અવર નથી મુજ આ સમે, ઠરવા કેરૂં ઠામ.
થરથર કંપુ થાકી રહીછું, દાહાડા ગણી ગણી હોરાજ. વ્હેલા.
ઝબકી જાગી ઉઠું રાતે, વાર ઘણી ઘણી હોરાજ. વ્હેલા.
થાક્યું ઉર અતી રોઇને, સ્યામ વિના મમ આમ;
કોણ કહે છાની રહે, ત્રુટી હૃદય કમાન,
દુનીયા થઇને દાવાદારા લવારા, કરે ઘણા હોરાજ–
ફજેતી થઇ છે મારી નાથ નથી કંઇ રહી મણા હોરાજ–
દૈવે હદ છોડી હવે, પ્રાણ વસ્યા પરદેશ;
થાકી ચુંક વસાવીને, મિથ્યા મન ઉપદેશ.
પ્રિતમ રડો પડો તમે ભલે સડો પરદેશમાં હોરાજ–
વાલમ રીસે બળતી બોલુંછું પણ ખમા ખમા હોરાજ–

(૨૭)

વાઃ ચાતુરી, તારી આલી રઢીઆલી;
શું બોળવે, બ્હાદુરી, વાપરી ઠાલી.
ઠીક તું ઠગતી, વાલમ વમથી.
અબુઝ ગણી અમને તું મનથી.

શું તું ગમતી, પ્રેમ પરમથી;
છલક.........મલક...........હલક.
ઓળખીયે તુજને સાહેલી;
મન મોહનને મળવા ઘેલી.
આતુર તું થઇ છો અલબેલી;
લટક,.........મટક,...........સટક.

(૨૮)

થરકે હૈયું થર થર મારૂં, નિરખી નયને તમને પ્યારા.
આજ સુધી હું રહી અજાણી, નથી પ્રિતની રીત પ્રમાણી.
મણુતી મારૂં તન મન પ્યારૂં વારવાર તમપર વારૂં. થરકે૦

(૨૯)

પ્રિયા મુજ પ્રાણ છો વારી વારી;
શોભે મુખ કાન્તી શી તારી તારી.
પ્રભા થકી પામ્યો નકી, વિજય સુખ આ વાર;
આનંદે ઉભરાય છે, ઉર મુજ જીવનહાર.
વેલી તુ નવેલી, ખરી પ્રેમથી ભરેલી;
પી પા પ્રેમામૃત પ્રેમીલી. * * *
હર્યું મન પ્રાણ તેં વારી વારી;
છબી લટકાં ભરી તારી તારી.
નયન થકી છુટયાં બહુ, મોહ બાણ આ વાર;
જખમ થયું ઉર માહરૂં, ખમા મુજ પ્રાણાધાર.
રંગીલા રસીલી છબી તારી અલબેલી;
પ્યારા હું છું પ્રેમ ઘેલી. * * *

(૩૦)

ખરી જાણું ધીર રહી ધરી, બેઠી નવ ઠરી, થાક્યું ચિત
ફરી ફરી માત લાત મારોને, તે મરી ગઇ હાય (ટ)
રહેતી સુખ મોઝાર. કરી ખ્વાર, શિર અપાર,
દુઃખનો ભાર, સહું નિરધાર, બળે અરે મુજ
ઉરમાં ઝાળ, કર્યો દેશ પાર, બંધુને આવાર,
કરૂં શું પોકાર. પ્રાણુ છોડો આ વખ્ત કેમ.
નહીં નહીં કંઇ રેમ, પ્રિતમ વિણુ ન ચેનરે;
નથી ચૂકી કંઇ નેમ, ભજું છું પૂરણુ પ્રેમ.
દમયંતી નળ જેમ, પ્યારા મારા ન્યારા નાથ
કરૂં હું કદી કેમ. ખરી.

(૩૧)

વિભુ હવે વિજય વિજય કરજો,
દંપતી યુથ મળી સુખમાં વરતે, દુઃખ સઘળાં હરજો;
અબળા કેરા ઉત્સવના દિન, પ્રભુ જલદી કરંજો.
હૃદયપ્રભાનું વિજય વિજયના શબ્દ થકી ભરજો.

(૩૨)

ખંજર થકી મારીશ તને,
અચિત આખર તારૂં ઘર બાળું ન વિસારૂં.
શરમ શરમ મુખ જોઇશ હવે કેમ તારૂં;
હિંમતથી રહેજે હિચકારા, આ સ્થળ ઉલટું પલટું.

હું કરીશ, મારા માર, કરીશ ઝટ તોડીશ પાડીશ;
દિલ મહીં પતી જવાબાઓને ખુશી મારૂં.

---

(૩૩)

હો જીરે સાયર જળ ભરીયોરેજી.
નરરે કુડારે એની નારીઓ છે કુડીરે. (૨)
કુડારે કલજગના શા નેડા;
રાજા કુડારે એની, પરજા સે કુડીરે.
કુડારે કલજગના મેહુલીયા. રામા હોજીરે•
સાધુ કુડારે કુડી કરતા સધાઇરે. (૨)
કુડી કલજગની શી માયા. રામા હોજીરે•
બંધવ કુડારે કુડી કટંબ હગાઇરે. (૨)
હાચી સે રામની હમાઇ. રામા હોરેજી•

(૩૪)

વનિતા વેરણુ થઇને, કીધો દેશ નિકાલ;
લાજ ધરી નહીં લેશ એ બારે, કરતાં નિચ વિચાર;
તરૂણિ પુરણુ ત્રાસ દઇને, કીધો સુજને ખુવાર.
ભાર સહે ધરતી કેમ ભારે, અબલાનો આ વાર;
માતા પુત્ર ઉપર થઇ આશક, હાય થઈ હદપાર.

(૩૫)

વ્યર્થ વિચારો પરહર પ્રિતે, મુરખ મન તું ચામાં;
સમય પ્રમાણે વરતી લેવું, ગુંચવાડે ગુંથા માં.
જ્યારે દૈવ ફરે, ત્યારે કોણ સહાય કરે.

(૩૬)

પડી વડીલ વિપત કહું દુઃખ વાત, થરકે છે હૈયું હજુ માત તાત.
રસ્તે લુંટાર તણો થયો ભેટો, બહુ લડાઇ થઇ તેની સાથ.
ભૂમી પડયા મા ધીર ધવરાઇ, પડયો ત્રાસ અંતરની માંહી.
વીણ સહાયમાં ફેર થાત. પડી૦
હિંમત ન જરીએ માતુ રહી મને, નકકી દુશ્મન એ ફાવી જાત;
પણ વીરબાહુ વારે ધાઇ, અસી ઉઘાડી ધરી કર માંહી.
કર્યો રિપુ સહુનો માત ઘાત. પડી૦

(૩૭)

રજપુત વીર વિજઇ ખરો, બહાદુર બળ જોઇ તમારૂં.
મન મારૂં. ઉપકાર ગણે, ખરી ક્ષત્રીવટ છાંયા હેઠળ.
અભય કર્યું કુલ મારૂં, અમાપ ઉપકારો આ તારા.
માફ કરો ઉપકાર શું મારા, ધર્મ ખરો એ ક્ષત્રી કેરો;
રણુથી નહીં કદી ડગનારા.
વખત થયો આ વાર, ચાલો ઝટ દરબાર, સૌને;
હળશું, મળશું, ફરશું, કરશું, આનંદે દરબારે.

(૩૮)

કામ તણો અવતાર ભાર, ભૂમીનો હરો સદા;
અમર નામ રહો અવનિપર, રાજ દીપાવો સર્વદા.
વિજય નાદ તણો પોકાર, ખીલી રહી પુર વસંત બહાર;
હાર હાર રહી આ વાર, ધરી શ્રૃંગાર પ્રેમદા.

(૩૯)

ઘેર આવો ને વસંત વિલાસી વિલાસીરે. ઘેર૦
આતે સમે કેમ આપ થયા છો, પીયુ પરદેશ પ્રવાસી.

(૧૪)

અવધપર દિન અધિક ગયા છે, ફાગણુની ગુણ રાસી.
પિયા આવી પુરન માસી. ઘેર આવોને૦
કંથ કથન થકી કોલ કર્યો હતો, એક દીન બેશી અગાસી;
પ્યારો તને નહીં પલક વિસારૂં, તે નથી જોતા તપાસી.
સ્વામી કેમ મળશે શાબાસી. ઘેર આવોને૦

(૪૦)

શાબાશ છે તને તારી હીંમત આ વાર;
વફાદાર; મુજ પ્રાણુના આધાર ન લગાર.
ડરી ઝટ હામ ધરી જવા થયો તું તૈયાર.
નીચ કર્યું બદનામ, છે હરામીનું એ કામ, થશે ધીક ઠામ ઠામ.
શીદ વગોવે તુ નામ, છોડે શું લગામ, નીતીની હરામ.
થશે તું હેરાન; ઓ નાદાન આ વાર ગમાર ફટ ફટ ફટ.

(૪૧)

માયે કરીશું, બુદ્ધિ ફરીશું, દુષ્ટા થઇ શું વિના વાંક હાયે;
પિતાને ભમાવી વિદેશ કઢાવી, વિકળારે બનાવી ખુશી થઇ તું હાવે.
કલંકી ઠરાવ્યો અરણ્યે ભમાવ્યો, દુઃખેથી રડાવ્યો બની કુલટાએ.

(૪૨)

પ્રિય નહીં વરૂં તમ વિણુ કોઇ ખરે, અચલ ટેક મુજ કદી ન ફરે.
અભય કરી જંગલમાં આવી, ક્ષત્રિરાજ મુજ લાજ બચાવી.
ક્ષણમાંહી પાપીઓને દુર કરી, ભય હરી, સુખી કરી, અશરણને ઉગારી.
કાંતા કામ હરો, અમર ભોગ કરો, વડીલોથી નવ ડરો;
સુખેથી ચમન કરો. નહીં વરૂં તમ વિણુ૦

(૪૩)

આનંદ થાઉંરે મનમાં, પુત્રી નિંદિત જોઇ કાજ આજ;
હાય નઠારી થઇ શરમ વિસારી, આ વાત વિચારીરે મનમાં.
નાત લજાએ વરે કુંવરી જો હાથે તો બીક ધરાએરે જનમાં.

(૪૪)

શીદ રોકે મને તું હેવાન, જે જોઇએ તે આપુંરે—શીદ૦
ધોળે દહાડે લઇ લૂંટી ખાનારા, છો લુચ્ચા લબાડો હેવાનરે;
આવું અંધારૂં હોય ન કયાંયે, ન દીઠું ન સુણ્યું કાનરે.

(૪૫)

લેનેતું શાક બચ્ચાજી * * આવ્યો છે લાગ બચ્ચાજી * *
વાહ હરામી તું ઠગારા (૨) જાણું છું ચોરી કરનારા. (૨)
મળીઆ સર્વ લુંટારા, રસ્તાપર રોકે પરદારા * *
યુવાન તણા મદના ઉછાળા, પણ સમજું છું સઘળા ચાળા;
નથી ઓળખતો બચ્ચા મારા, ગંગારામ કાહાને તારા.
હમણાં તારૂં માન ઉતારૂં, રાજ થકી કરી દુર * *

(૪૬)

ધણી મારો જુમતે જાણેરે, જેને હંધો દેહ વખાણે.
ગામના માણહ પનર હતર—નત આવે ને જાય.
હું ભાગવાળી જે પરણો મારો, પાંસમાંઇ પુસાય.
ઘરે બેઠો સોવડું આણેરે— જેને હંધો૦
રાજાને રાણી ધણી મારાને, પુછીને પાણી પીએ;

શોક હંધામાં સત્રાસ એની, બાઇ બાઈ હશે કીધે.
મોટા મોટા માણુહો જાણુરે. જેને હંધો.

(૪૭)

અમર મેરૂ તું ક્યાં રહ્યો જીવન મુજ પ્રિય પ્રાણ
અવર કમળની યારીમાં થશે પ્રાણુની હાણ
ચિંતા તજ ચતુરા હવે, જલદી જા નિરવાણ;
અવર કમળ નથી આંધળું, નિશ્ચે નહીં લે પ્રાણ.

(૪૮)

આજ આજ થઇ થઇ, પ્રભુ મ્હેર થઇ શાંતિ થઈ જડ તનમાં;
દારૂણુ દુખથી મને બચાવી, પ્રભુ પ્યારા, કૃપા કરી.
મુક્ત કરી, બ.ળા સહી, થાવ રૂડાં શું શુકન મને;
અહીં, હર્ષાતુર મન મારૂં ઉમગાએ, સ્નેહીનો ભેટો.
સમજાવે, અભીષ્ટ શું મળશે, મનમહીં રાચું સહી.

(૪૯)

રૂપી કાઢીશ દુઃખ આજે દુર, આભારી કીધા છે પુરા;
હાવેથી, ભાવેથી, પ્રીતીથી, રીતીથી.
નામી શીશ સ્વામી અમો ધારી ખુશી.—રૂશી.
ગુરૂ તારી ક્રીયા ભારી, સુખાકારી કીધી સારી
ઉરમાં તુરમાં થઇ શાંતિ શાંતિઆ * * * * * * *

(૫૦)

હું છું રે દીવાન મારૂં મોટું માન, છો જાતે હજામ જબર છું જબર
મને આખું ગામ, કહે મહેરબાન, સૌ કરે સલામ ......,,,.,.,

હું રાજાની સાથ, બેશી વાશો રાત, કરૂં બધી વાત. જબર છું જબર
વાવા મારા નાથ હું તો તારી સાથ, માણો મોજ રાત ......,,......
તું છો હૈયાહાર મારી તારો પ્યાર, વાલા દિલદાર ......,,......

(૫૧)

નેણુમાં નિદ્રા નાવે જરી, મારા રામ ગયા વનવાસરે;
કૃષ્ણ વિનાનાં મારાં ગોકુળ સુનારે, મંદરીઓ સુનું શ્રીરામરે.
માતા કૌશલ્યાજી એમ કહી વિનવેરે, સમીપ રહો મારા શ્યામરે.

(૫૨)

બા આમ શું ધિરજ પરહરતાં, એજી બાધરે બાનિડર
કંપતા, ધરી વિકલતા, બિની સંચરતા.—આમશું૦
શાંતી ધારી રાચો મન સમજી સુહાયે, મનેહર્ષ ધરી રાખો નિડરતા.
પ્રિયા તારી પ્રિતી સાચી, છેલ છબીલી
પ્રેમી પૂરી પ્યારી પામ્યો પામ્યો પ્રેમદા.
પ્યારા મારા દારા શરમાવો નહીં આજે;
અરે આમશું બોલો ઉચરતાં.
પિડા ભારી વેઠી કારી, કેદ ભોગવી, પ્રિયા મુજ માટે
શું રે એવું બોલતાં. આમ શું ધીરજ.

(૫૩)

મિત્ર ધરમ ઓળખાવીયો, સંકટમાં બેશ બજાવીયો;
લઇ જોગી તણો વેશ, ઠીક કાઢી નાંખી ઠેસ, આનંદનો દિન દેખાડીયો.
સાચી દાખી મનુ પ્રિત, મુંને છોડવી ખચીત, આભારમાં આજ ડુબાવીયો
ચાલો જઇયે હવે દેશ, માંનો મારો ઉપદેશ, સંઘાતે કરી તૈયારીઓ.
જાઓ મુકી કયાં નાથ, આપા આવું તારી સાથ, આને વખત આવીયો

ભોગ મળ્યા મારા હાય, એમાં છુટકો ન થાય, રાંડે મુને તો મુંઝાવીયો
આવો બેટા બેહો ખાંધ, ગણી માતેલો સાંઢ, મીઠડીયે બેલ બનાવીયો.

(૫૪)

આવાર મુજ દિલ માંહીરે, જગી ચેનના પડે;
સુન્ય દેખું રાજ સાજને, શાથી આ ક્ષણે.
ભિન્ન ભિન્ન તર્કો ઉરે વ્યગ્રતા ભરે.
સમજું નહીં શા કારણે ચિત્ત મારૂં ડરે.
ફરી ફરી કેમ મારા મનમાં બળે—આ વાર૦
નિસ્તેજ નીરખું શહેરનાં તમામ લોકને,
અંધકાર છાયો જોઇને, પામું છું શોકને.
નહીં નહીં આજ મારૂં કોઇ ખરે.—આ વાર૦

(૫૫)

હૃદય સદ્બુદ્ધિ નહીં ધારી, મતી વિપરીત શીદ થઇ મારી;
સમય હું વિકટ નજરે ભાળું, ત્રાસથી ધ્રુજે તન મારૂં.
પરદારામાં શીદ લપટાણો, હાય હૃદય ભેદાય,
કામ વિષય કબજે નવ કીધો, બહુ પસ્તાવો થાય.
પ્રજાપર ત્રાસ કર્યો ભારી, થાય ઘર ઘર ચરચા મારી.
રાત દિવસ એક રટણ કરી મે, વૃથા વખત ખોયો.
તરૂણી તારા તારા કરતાં, આ અવસર જોયો.
જોઉછું ઠાર ઠાર ન્યાળી, જાય રિદ્ધિ સિદ્ધિ મારી.

(૫૬)

વહે મુંઝાણી ભારી પ્રાણ વિનારી મીઠી પીડમાં;
નેને શ્રવે અશ્રુધારી, હાણ થનારી મીઠી પીડમાં.
પ્રેમી જનની પીડની, પ્રેમીનેજ પીછાન;

નિશદિન બાળે હૃદયને, બહુજ બની બેભાન.
ચેન પડે નહીં ચિત્ત વીશે, ક્ષણું વિના પ્રિય પ્રાણ;
સ્વીકારી ક્યારે મને, હેતે પુરે હામ—

(૫૭)

વિકળ સુતા ન બનાઓ;
ભરમાવો તમે શું શરમાવો, અગની ઉરે સળગાવ્યો.
જીવ લેવા નીજ પૂત્રી કેરો, ચાહો ધિઃક લજાઓ;
મન માન્યું જેથી છે મારૂં, તેથી કેમ તોડાઓ.
કરૂં પ્રતિજ્ઞા એ મુજ સ્વામી, અન્ય પિતા સમજાઓ.

(૫૮)

આહા શું કુલીન થયો કમજાત.
હા થઇ અનહદ લજવી સુજાત.
હિરો ગણી મન હસ્ત ગૃહ્યો પણ, નિવડયો બિલોર કુજાત.
પૂત્રી કલંકિત ને કુલ મારૂં, કરવા ચહે મન સાથ.

(૫૯)

વિહ્વલ શું રાજન બનો અતુલ શિરતાજ;
કરી વિમોચન, સઘ મનુભા, લાવશે ઘર યુવરાજ.
ચંદ્રપ્રભાને લેઇ આવશે, વિજયી થશે મહારાજ;
શોચ તજી મન હર્ષ વધારો, જગપ્રભુ રાખશે લાજ.

(૬૦)

અદ્ભુત આવી ભાવી ને ભાવી ભાગ્યે સહુ કંઈ પામે;
ચાચવું શું ને રોવું શું એમાં, હરી કરે તેમ પામે;
શંકા જેહ ધરો, તે હું ચંદ્ર ખરેજ ખરો.

(૬૧)

રહ્યો આજે આનંદ રંગ જામી;
સંતોષ પામ્યા સુખો આવી વિરામ્યા;
મહેર કરી એ જગ સ્વામી, સ્વામી, સ્વામી.
બંને કુટુંબ પ્રભુ સુખી સદૈવ કરો.
અરજ કરીએ શીશ નામી, નામી, નામી.

(૬૨)

ખરાબી કીધી મેં, અનહદ સ્વહસ્તે મુજ તણી.
લુટાવી લક્ષ્મીને, વિષય સુખ ભોગ્યું પ્રીય ગણી.
વિદેશે મેં કાઢયો, સુશિલ સુત શાણો ક્રુર બની.
વિંધ્યો વેણો મારા, હર હર કલંકો મન ગણી.

(૬૩)

આનંદે અલી આવો, સુકંઠે સઉ ગાઓ, હળી મળી સંગ;
રમો રાસ રંગ, રીઝે રસ છંદે. બાઈ ઉરમાં—
શું મળ્યા યાર શોકીન પ્યારે. છબી છેલી હાંરે હાંરે;
ભોગો પ્યારે જોગે ન્યારે, રંગી ખેલાડી રઢીયાળે.
સુખકારી પ્રીત ધારી ભારી, બલિહારી વારી વારી;
ખરી યારી મોહન ગારી, જેહને રાચો ભારી.
મદભર મનહર કુચ પર કરધર રસીક મન ગમતું.

(૬૪)

પીયો પીયોજી મધ પ્યાલી આ. મોજ નિશે દેશે રૂપાળી.
સગુણી સંગે મોજીલા ખેલોજી. ખેલો ઉમંગમાં.
રંગીન રંગમાં. પ્રેમ પ્રસંગમાં. પીયો પીયોજી૦
લે પ્યારી આપું તુને, આ પ્યાલી મુજ હસ્ત.

જોબન રસ પક્ષી લુંટીયેં, મદમાતી બની મસ્ત
લાવોને પ્યારા, ચક્ષુના તારા, પ્રાણુજ મારા. પીયો૦
સેજ સમારી સ્નેહથી, કુસુમ થકી ભરપૂર;
સજ્યા સોળ શૃંગાર મેં આપ કાજ અનુકૂળ.
તમપર એવો પ્યાર છે કેવો સેવોરે સેવો. પીયો૦
તારા નૌતમ પ્યારથી, અધિક થયો ઉછરંગ;
માણું માનતિ મોજ હું, સદા રહી તુજ સંગ.

(૬૫)

ખરાબી કીધી હાય મારી અરે,
કુકર્મો નડે સહુ મારાં ખરે;
પડતા પાપ પ્રપંચમાં, નવ કીધો કંઇ ખ્યાલ.
પરદારા વિત્ત મેળવી, હું ય થયો હું ન્યાલ. ખ૦
છોડી કુંદનપુર ગયો. ચંદ્રકાન્ત મુજ બાળ;
હાય હુતાસન પાપની, અંતર ઉડે ઝાળ. ખ૦

(૬૬)

હાય થઇ અતિ હાની, બની કુલટા મુજ રાણી;
પૂરણ પ્રેમ પસારી જેણું, કર્યો જગતમાં પ્યાર;
તેણે ધાર્યો નીચને યાર, કરી વ્યભિચાર, મોજ માણી.
સુજ્ઞજનો કદી નવ કરશો, નારી તણો વિશ્વાસ.
જેને સદા વિષયની પ્યાસ, કરે તે નિરાશ, એવું જાણી.

(૬૭)

મન તું છોડી દે લગામ, લગામ, લગામ. રે
વનિતા વેરણ થઇને મારૂં, જગમાં ડુબાવ્યું છે નામ;
સંસાર માંહી સુખ નવ જોયું, અંતે છોડું છું આ ધામ.
જુઠી બાજી જગની જાણી, છેલ્લા કરૂં છું પ્રણામ.

(૬૮)

સ્વસ્તી શ્રી શુભ શહેર, શહેર કુંદનપૂર માંહી;
પરમ પુજ્ય પવિત્ર, પિતાજી વસે છે જ્યાંહી.
લખીતંગ તમ રંક બાળ છઊં રત્ન નગરથી;
સ્વિકારો સાષ્ટાંગ ચંદ્રના પ્રભુ જીગરથી.
આપ પાસથી ગયા બાદ હું અહીં આવ્યોતો;
કુંદનસિંહ દરબાર નોકરી કરી રહયો તો.
હમીરસિંહ સરદાર મુખ્ય છે અહીંના જાણો;
તે નીજ પૂત્રી આપ પૂત્રને અરપે માનો.
વાંચી મારો લેખ પધારો સધ પિતાજી;
દર્શન આપી બાળ તમારાં કરશો રાજી.

(૬૯)

વિરા કયાંથી અહીં આ અવાસમાં,
તુંને પ્રેમે વધાવું હુલાસમાં;
આંખો ઠરી મારી નિહાળી તુજને,
બાઇ હતી હું તું વિના ઉદાસમાં.
પ્રભુ પ્રતાપે અહીંયાં હું બેની,
આવી રહ્યો છું કુંદનસિંહ પાસમાં;
દુઃખના દિવસ આજે દુર થયા સૌ,
અંગ આનંદ ન માય આભાસમાં.
શાન્તી મને બેન રહી છે છવાઇ,
થશે પાપિણીનું પાપ પ્રકાશમાં;

(૭૦)

પ્રભુ પાયે લાગીએ કરતા ધરતા અરપો;
ઇચ્છિત સુખ ચહીં અનુરાગી. પ્રભુ૦

દેશે મન વાંચ્છિત જગ સ્વામી,
અંતરજામી વિભુ વિશ્રામી,
થાય થાય થાય દિલ ખુશ અતિ થાય.
આનંદ તરંગ ખુબ ઉરે છલકાય. પ્રભુ.
હિરો તેં જે પરખ્યો બાળા, ચંદ્રકાંત તે છે રઢીઆળા.
માફ માફ માફ ચહું દોશ તણી માફ.
પ્રિય કુંવરી તું મારી ગુણિયલ સાચી. પ્રભુ.

(૭૧)

મને આનંદ ન માય પ્રીય કાંત આજ;
મંડપ રચાવો રૂડો ઝટ પિયુ મારા.
લહો શુભ લ્હાણુ પરણાવી નિજ બાળા;
ચાલો પ્રિયા જઇએ, કન્યાદાન દઇએ,
પૂર્ણ કૃતારથ થઇએ. આજ.

(૭૨)

રસિકા રસવેલી તું પ્રિય પ્યારા;
મારા દીન દાસી કીધી છે આભારી.
વિનય વાકય શોહે તમ એવાં;
ચંદ્રમુખી ચહુ ચુંબન લેવા.
માણો માણો લીયો સુલ્હાણો, સો રીતી જાણો,
અરપ્યું છે તન મન દીલ ખુશ પ્યારી. રસીકા.

(૭૩)

આ શું દિલડું આજ આનંદે ઉભરાય છે.
થાશે શું શિરતાજ, દુઃખના દહાડા વેગળા;
ચિંતા ચિત્તની માંય, લેશ નથી રહી દુઃખદા
તેથી શુભ મનાય, શુકન વખત આ મુજને.

(૭૪)

અરજી હમારી પ્રભુ ઉરમહીં ધરજો.
કુશળ કૃપાનિધી સર્વનું કરજો.
મંગળ દિન પ્રભુ સઘ બતાવી.
નિજ જન જાણી હેતે દુઃખ હરજો.
ભવ પાળક ભગવંત તમે છો.
ભકતોની વારે સત્વર ચડજો.

(૭૫)

પ્રબલ સબલ મહિપર નૃપ રાજે, ગાજે છે તું ધીસ તું;
ન્યાય શું આપો દીનદુઃખ કાપો, ઇંદ્ર સમો ઇશ તું.
વિજય નગારાં ગડગડે, શત્રુ સકલ ભય ભરે;
તુજ રાજમણિ સુજશ ધ્વની વિશ્વ સહુ વદે.
નૃપ મ્હાણો સુખ લ્હાણો, પામે વાંચ્છિત રાજેશ તું.

(૭૬)

જય સૃષ્ટીકર સુખકર નમીયે તુજને શરણ ગૃહી ઇશ.
વિશ્વપતી તારી ગતિ, ગહન અતિ નહીં ગણના થાયે.
હારે મતિ વળી નિયતિ સબળ કૃતી. વિજય વતી;
ચંદ્ર સમા તું નિપવ વિરને જો વિભો;
ટળવી દુખને હે પતિ, ભારત જુની ચડતી;
થાયે તો રતી વિનંતી અમ એજ.

સમાપ્ત.

જાહેર ખબર.

અમારી પાસેથી નીચે મુજબ કિંમતની માપનના ઓપેરાની ચોપડીઓ બાહાર પડીછે તે જે સાહેબોને જોઈતી હશે તેને રોકડે પૈસે વાંકાનેર આર્યહિત વર્ધક નાટક કંપની પાસેથી મળશે.

	કિંમત.
પ્રેમચંદ્રિકા નાટકના ઓપેરા.	૧ ૦—૨—૦
કુમુદ કિશોરી નાટકના ઓપેરા.	૦—૨—૦
શુરવીર શિવાજી નાટકના ઓપેરા.	૦—૨—૦
સીતા સ્વયંવર નાટકના ઓપેરા.	૦—૨—૦
હરિશ્ચંદ્ર નાટકના ઓપેરા.	૦—૨—૦
માહારાણા પ્રતાપસિંહના ઓપેરા.	૦—૧—૦
ગોપીચંદ નાટકના ઓપેરા	૦—૨—૦
કેદારસિંહ પરમાર નાટકના ઓપેરા.	૦—૨—૦
જગતસિંહ નાટકના ઓપેરા (છપાયછે.)	૦—૨—૦
નર્મદા નાટકના ઓપેરા (છપાય છે.)	૦—૨—૦

ઉપરનાં પુસ્તક કંપનીના મુકામેથી તેમજ ગુજરાતના તમામ નામીચા શેહેરોમાં હમારી કંપનીના દરેક એજંટો પાસેથી પણ મળશે.

વિનંતી.

ગ્રંથકર્તા.